### ડીસામાં દીલ્હી ગેંગરેપ કાંડનો ઉગ્ર વિરોધ

# મહીલા સંગઠનોએ બળાત્કારીઓને ફાંસીના માંચડે લટકાવવાની કરી માગ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૪

સમગ્ર દેશમાં દીલ્હીના સામુહીક બળાત્કાર કાંડના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. અને બળાત્કાર જેવા જઘન્ય અપરાધ માટે તાત્કાલીક કાર્યવાહી માટે દોષીતોને ફાંસીના માંચડે લટકાવી દેવાની ચો તરફથી જ્યારે માંગ ઉઠેલ છે. ત્યારે વહેપારી મથક ડીસામાં પણ દીલ્હી ગેંગરેપના આરોપીઓને કડકમાં કડક સજા થાય અનો કાયદામાં સુધારો કરી બળાત્કારીઓને ફાંસીના માંચડે લટકાવવાની હીમાયત કરતી એક જનજાગૃતી રેલી કાઢવામાં આવી હતી.આ રેલીમાં અનેક મહીલા સંગઠનો સહીત સામાજીક સંસ્થાઓ પણ જોડાઈ હતી.જેઓએ ડીસા મામલતદારને સંબોધી આ મામલે ન્યાયની આવાજ બુલંદ કરી કડક કાયદો બનાવવા વિવિધ માંગણીઓ સાથેનું આવેદન પત્ર આપ્યું હતું. ...

આ અંગેની મળતી વિગતો જોતા દીલ્હીમાં તોજેતરમાં જ થયેલા ગેંગરેપ કાંડના ગુજરાત સહીત દેશભરમાં ઘેરાપ્રત્યાઘાતો પડેલ છે. જેમાં આજે સ્ત્રીઓની સાથે દેશભરમાં નિત્યથતા દુષ્કર્મો અને અત્યાચારો માટે કડક કાયદો અમલમાં લાવવાની માંગ સાથે ડીસામાં પણ એક રેલી રાખવામાં આવી હતી. આ રેલીમાં ડીસા રોટરી કલબ, સ્ત્રી સમાજ, પ્રજાપતિ બ્રહ્માકુમારી સંસ્થા, ગાંધી લિંકન હોસ્પીટલ, સર ચાલ્સ વોટ્સન હાઈસ્કુલ, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ડીસા તેમજ તેરા પંથી સમાજ અને શહેરના ગણ માન્ય નાગરીકો જોડાયા હતાં. જેઓએ દેશના વડાપ્રધાનને સંબોધી એક આવેદન પત્ર ડીસાના મામલતદારને આ મામલે કડક કાયદો બનાવવા સહીતની અનેક ન્યાયીક માંગો રજુ કરતું આવેદન પત્ર આપ્યું હતું. આ રેલીમાં હજારોની સંખ્યામાં લોકો સ્યંભુ જોડાયા હતાં...

આ મામલે સ્ત્રી સમાજના ડો. રીટાબેન પટેલે જણાવ્યું હતુ કે દેશમાં છાસવારે બનતા આવા બનાવોથી સ્ત્રીઓની અસ્મિતા પરજોખમ ઉભુ થયું છે. તેની સામે દેશના વર્તમાન કાયદાઓ પાંગળા પુરવાર થયા છે. જેનાથી આવા દુષ્કર્મો આચરતા તત્વો બેફામ બન્યા છે. દેશમાં બળાત્કારીઓને તાત્કાલીક ફાંસીના માંચડે લટકાવી દેવા જોઈએ તેવું જણાવી તેમને કેટલાક દેશોમાં જાહેરમાં ફાંસીના માંચડે લટકાવી દેવાની તથા દુષ્કર્મ કરનાર દોષીતોને પથ્થરથી જાહેરમાં મારી નાખવાની અપાતી સજાની હીમાયત કરી હતી. અને ભારતમાં પણ આવાજ કડક કાયદા કેન્દ્ર સરકાર તાત્કાલીક ઘડે અને ફાસ્ટટ્રેક કોર્ટો કરતા પણ વધુ ઝડપથી કેશનો નિકાલ થાય અને દોષિતોને તાત્કાલીક સજાના અમલી કરણે ફાંસી અપાય તેવી સ્પષ્ટ હીમાયત કરી હતી. આ રેલીમાં વિવિધ સંગઠનોએ પણ કડક કાયદો અમલમાં આવે તેવી આવેદન પત્રમાં રજુઆત કરી હતી.

તસવીર : ધનેશ પરમાર, ડીસા

# દલાના મુવાડી ગામે ઈ-ધારા કેન્દ્ર રામ ભરોસે : ખેડૂતોમાં રોષ

## છેલ્લા એક વર્ષથી ૭/૧૨ અને ૮-અના ઉતારા ખેડૂતોને મળતા જ નથી

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કિસાનોની જમીનનું ૧ વર્ષ પહેલા રીસર્વે થયા બાદ પણ હજુ સુધી ખેડુતોને ૭/૧૨ કે ૮-અના ઉતારા ઈ ધારા કેન્દ્રમાંથી નહીં મળતા ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે. આ ઉતારા વહેલામાં વહેલી કે ઈધારા કેન્દ્રોમાંથી મળે તે માટે ખેડુતોએ ઉગ્ર માંગણી તંત્ર સમક્ષ કરી હતી.

સરકારની રીસર્વેની કામગીરીમાં જમીનોના સર્વે નંબરો, બ્લોક નંબરો બદલાયા બાદ જમીન માપણીમાં પણ જમીનોમાં માપણીમાં વિસંગતતાઓ આવતાં કિસાનો મુંઝાયા છે. ઉપરાંત જે તે જમીનના ઉતારાં સહિતની વિગતો ઈ ધરા કેન્દ્રો પરથી નહીં મળતી હોવાની ફરિયાદો દલાની મુવાડીના તખાભા ઝાલા સહિતના ખેડુતોની ઉઠવા પામી છે.

દલાની મુવાડાના આ કિસાનોનું કહેવું છે કે રીસર્વેની કામગીરીને એક વર્ષનો સમય થઈ જવા છતાંય ઈ ધારા કેન્દ્રો પર અમારા ગામોની જમીનના ઉતારા નહીં મળતાની ફરિયાદો કલેકટરથી માંડી ગાંધીનગર સુધી કરવામાં આવી હોવા છતાંય આજ દિન સુધી કોઈ જ પરિણામ નહીં મળતાં આવા કિસાનો તંત્ર પર રોષ થવા પામ્યો છે. પોતાના હક્કના કામ માટે આ ઓફીસથી પેલી ઓફીસ આ સાહેબથી પેલા સાહેબને સવાલો કરીને થાકવા છતાં ય ન્યાય નહીં મળતાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા આગામી દિવસોમાં વિચારણા થઈ રહી છે.

જો કે જિલ્લાની માપણી અધિકારીની કચેરી, માપણી સંદર્ભેની કામગીરીમાં આક્ષેપો થઈ રહ્યા છે. માપણી એજન્સીની માપણી તેમજ રેકોર્ડની હકીકતોમાંય વિસંગતતાના દાખલા છે. ને કોઈની જમીનો કોઈના નામેથી જવાના બનાવોની ફરિયાદ ઉઠવા પામી છે. તંત્ર તેમની વહારે આવે તેવું ખેડુતો ઈચ્છી રહ્યા છે.

# દિલ્હી ગેંગ રેપના વિરુદ્ધમાં બનાસકાંઠા જિલ્લા મહિલા મોરચા દ્વારા રેલી અને દેખાવો

બનાસકાંઠા, તા. ૨૪


દેશના પાટનગર દિલ્હીમાં ઘટેલી સામુહિક બળાત્કારની ઘટનાના વિરોધમાં આજે બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા ભાજપ કાર્યાલયથી ગુરુનાનક ચોક સુધી વિશાળ રેલી યોજાઈ હતી.

દિલ્હીમાં વિવિધ મહિલા સંગઠનો તેમજ અન્ય સામાજિક સંસ્થાઓ દ્વારા છેલ્લા ચાર દિવસથી યોજાઈ રહેલા વિરોધી દેખાવોમાં મોટી સંખ્યામાં જોડાઈને લોકો રોષ વ્યક્ત કરી રહ્યા છે, તેઓ પર દિલ્હી પોલીસે બળ પ્રયોગ કરી નિષ્ફળ બનાવવા તેમજ પોલીસ દ્વારા બેરહેમ લાઠીચાર્જ મહિલાઓ પર કરવામાં આવ્યો તેના જિલ્લા મહિલા મોરચા પ્રમુખ ચંદ્રિકાબેન પટેલે સખ્ત શબ્દોમાં વખોડી કાઢેલ છે અને દિલ્હીની કોંગ્રેસ સરકાર તમામ મોરચે નિષ્ફળ રહેલ છે તેની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢેલ છે.

આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચો, પ્રમુખ ચંદ્રિકાબેન પટેલ, જ્યોત્સ્નાબેન પટેલ, ઉપપ્રમુખ કુમુદબેન જોષી, હર્ષાબેન મહેશ્વરી, પાલનપુર નગરપાલિકા પ્રમુખ લીલાબેન ભીલોચા, મંત્રી, ઉપપ્રમુખ કુસુમબેન રાવલ, જયશ્રીબેન રાવલ, જયાબેન નાયક, રેખાબેન ઠાકર, હંસાબેન મોદી, ગીતાબેન પ્રજાપતિ, દક્ષાબેન પંડ્યા, ઉર્મિલાબેન મોદી, લક્ષ્મીબેન શર્મા, કાજલબેન, નાથીબેન પરમાર, ગોદાવરીબેન માળી, મીનાબેન ગેલોતર, શીલાબેન જોષી, મીતાબેન સોની સહિત મહિલા મોરચાની બહેનો વિશાળ સંખ્યમાં જોડાઈ હતી.

### ડીસાના બનાસ નદી પટમાંથી

# એલ.સી.બી. પોલીસે ટર્બો ટ્રકમાંથી ૧૯,૬૬,૪૦૦નો વિદેશી દારૂ ઝડપ્યો


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૪

ડીસામાં રાજસ્થાનમાંથી પરપ્રાંતીય વિદેશી દારૂ આવવાની એલ.સી.બી. પોલીસને બાતમી મળતા તેમણે આખોલ ગામ નજીક બનાસ નદી પટમાં વોચ ગોઠવી હતી. જેમાં ગુજરાત પાર્સીંગ ધરાવતી એક ટ્રબોટ્રકમાંથી બીયર અને વિવિધ માર્કાની વીસ્કીનો દારૂનો મોટો જથ્થો આવ્યો હતો. જેમાં પોલીસે ૧૯,૬૬,૪૦૦નો દારૂજથ્થો સાથે એકની ધરપકડ કરી જેલ હવાલે કરેલ છે...

ગુજરાતમાં આચાર સંહીતાના કડક અમલી કરણમાં પરપ્રાંતમંથી દારૂના વેચાણપર ભારે રોક લાગી હતી. પરંતુ ચુંટણી પંચદ્વારા આચાર સંહીતા દુર કરાતા દારૂ વેચાણ કરતા તત્વોને મોકળુ મેદાન મળેલ છે. જેમાં ગતરાત્રીએ પાલનપુર એલ.સી.બી. પોલીસને ખાનગી રાહે બાતમી મળેલ કે ડીસાના આખોલ ગામ નજીક બનાસનદી પટમાં વિદેશી દારૂ વેચાણ અર્થે આવી રહેલ છે. જે બાતમી આધારે પોલીસે વોચ ગોઠવતા વહેલી સવારે એક ટર્બોટ્રક નંબર જી.જે.૧૦-ડબલ્યું-૭૩૪૫ શકમંદ લાગતા પોલીસે તેને અટકાવ્યું હતું. જે બાદ તેની તલાસી લેતા ટ્રકમાં ૧૪૬ પેટી વિયર કીંમત રૂપિયા ૩,૫૦,૪૦૦ તેમજ વિવિધ માર્કાનો પરપ્રાંતીય વિદેશી દારૂ ૪૪૯ પેચી કીંમત રૂપીયા ૧૬,૧૬૦૦૦નો મળી આવ્યો હતો.

પોલીસે ટ્રક કીંમત ૧૨લાખ ગણી કુલ દારૂ સહીતનો ૩૧,૬૬,૪૦૦નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે. આ કામે એલ.સી.બી. પી.આઈ. જી.આર.રબારીએ ડીસા તાલુકા પોલીસે પ્રોહિબીશન ગુના નંબર ૫૫૩૩/૨૦૧૨થી આરોપી અર્જુનસીંહ રહે. રાજસ્થાન તથા બાદરસીંહ નાગરસીંહ દરબાર, રહે. મહાદેવયા તા. ડીસા તથા જીતેન્દ્ર ઉર્ફે જેકી આમપ્રકાશ હેરૂવાલા રહે. ડીસા તેમજ ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો ન્દાખલ કરેલ છે. જેમાં આરોપી જેકી ઉર્ફે જીતેન્દ્ર હેરૂવાલાને ઝડપી જેલ હવાલે કરેલ છે. પોલીસની "ાથમીક તપાસમાં આ દારૂનો જથ્થો રાજસ્થાનના અર્જુનસીંહે ડીસાના બાદરસીંહ નાગરસીંહ દરબારને વેચાણ અર્તે આપ્યો હતો. આ મામલે આગળની તપાસ ડીસા પી.આઈ. ગૌસ્વામી ચલાવી રહ્યો છે.

# ઈડરના મહારાજ અમરસિંહજીનું ૯૪ વર્ષની જૈફ વયે નિધન

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ઈડર સ્ટેટના મહારાજ શ્રી હિંમતસિંહજીના નાના કુમાર તથા હાલના મહારાજા શ્રી રાજેન્દ્રસિંહજીના કાકા શ્રી અમરસિંહજી મહારાજનું પ્રતાપ પેલેસ હિંમતનગર મુકામે ૯૪ વર્ષની જૈફ વયે તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ દુખદ અવસાન થયેલ છે. જેઓની અંતિમ યાત્રા આજે પ્રતાપ પેલેસથી નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં જનમેદની જોડાઈ હતી. આ અંતિમ યાત્રામાં જિલ્લા તથા તાલુકાના રાજકીય મહાનુભાવો, સહકારી આગેવાનો, શહેરના પ્રતિષ્ઠિત વેપારીઓ, ડૉક્ટરો, વકીલો, શહેરની શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓના આગેવાનો તથા સમગ્ર રાજપૂત સમાજના અગ્રણીઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વ. અમરસિંહજીએ યુવાન વયે આર્મી (સર પ્રતાપ ઈન્ફન્ટ્રી)માં સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે ફરજ બજાવી હતી તથા ખેડબ્રહ્મા અંબાજી માતાજીના મંદિરમાં ટ્રસ્ટી મંડળના પ્રમુખ તરીકે ખૂબ લાંબા સમય સુધી સેવાઓ આપી હતી. તેઓ ખૂબ માયાળુ સ્વભાવના તથા ધાર્મિક વૃત્તિવાળા હતા તથા સમાજના બધા જ વર્ગોમાં ખૂબ જ લોકપ્રિય હતા.

# પ્રાંતિજ ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકારી દિનની ઉજવણી થઈ

હિંમતનગર, તા.૨૪

પ્રાંતિજ તાલુકામાં આજે 'રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર દિન'ની ઉજવણી નાલંદા વિદ્યાલયના પટાંગણમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે હિંમતનગર તોલ માપ કચેરીના મદદનીશ નિયામક નિનામાએ મુખ્ય મહેમાનપદેથી જણાવ્યું હતું કે ગ્રાહકોને પ્રાથમિક જરુરિયાતો પ્રાપ્ત કરવાનો પસંદગીનો, માહિતી મેળવવાનો, સુરક્ષાનો, રજુઆતનો, ફરીયાદના ઉકેલનો ગ્રાહક શિક્ષણનો તથા આરોગ્યપ્રદ પર્યાવરણ મેળવવાનો અધિકાર છે.

જાગો ગ્રાહક જાગો જાગૃતિ એ જ સલામતિ છે એમ વિસ્તૃત છણાવટ કરતાં નિનામાએ વધુમાં જણાવ્યું કે, ગ્રાહકોએ ફરજો પ્રત્યે પણ સભાન રહેવું જોઈએ.

ગ્રાહકોએ ખરીદીમાં છેતરાતા બચવું, બિલ/રસીદ લેવાનો આગ્રહ રાખવો. વજન માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને વસ્તુ ખરીદવી, ખરીદતાં પહેલાં ભાવ-તાલ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. કોઈ ખરીદી બાબતે તકરાર થાય તો જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરવી જોઈએ તેમજ ગ્રાહકો માટે (ટોલ ફ્રી) હેલ્પ લાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ છે તેમાં ફરિયાદ કરી શકાય છે.

આ પ્રસંગે ગ્રાહક હિત સુરક્ષા મંડળ, પ્રાંતિજના પ્રમુખ નટુભાઈ બારોટે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમજ સમગ્ર કાર્યક્રમની આભારવિધિ પણ બારોટે કરી હતી. આ કાર્યક્રમમાં ફુડ ઈન્સ્પેકટર વિદ્યાબેન પટેલ, નાયબ મામલતદાર સર્વશ્રી રાઠોડ તથા ધીરુભાઈ પટેલ તથા નાલંદા વિદ્યાલયના સંચાલક કેતનભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં પ્રાંતિજના નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ઉપેરા પાસે મોટરકારની ટક્કરે બાળકનું મોત

ઊંઝા તા.૨૪

ઊંઝા તાલુકાના ઉપેરા ગામના પેટાપરા ચતુરપરા પાસે રસ્તો ઓળંગી રહેલ એક બાળકને મોટરકારે ટક્કર મારતાં તેનું કરૂણ મોત નિપજ્યું હતું.

બનાવની વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના ઉપેરા ગામના પેટાપરા ચતુરપુરામાં રહેતા એક ઠાકોર પરિવારનો છ વર્ષિય બાળક વિક્રમજી પ્રવિણજી ઠાકોર સાંજના સમયે મિત્રો સાથે ગામની સીમમાં રમવા માટે ગયો હતો. ત્યારે રસ્તો ઓળંગતી વેળાએ સફેદ રંગની મારૂતિ કારે જોરદાર ટક્કર મારી હતી. જેથી ગંભીર ઈજાઓ પહોંચતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ મારૂતિકારનો ચાલક ગાડી હંકારીને પલાયન થઈ ગયો હતો.

આ કરૂણ ઘટનાને પગલે મૃતક બાળકના પરિવારજનોમાં તેમજ ગ્રામજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. આ બનાવ અંગે ઊંઝા પોલીસ મોટરકાર ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઝામાં ક્રિકેટ મેચ પર સટ્ટો ચલાવતા ત્રણ ઈસમો ઝડપાયા

ઊંઝા તા.૨૪

ઊંઝા ખાતે શંકરપુરામાં આવેલ એક મકાનમાં ક્રિકેટ મેચ આધારીત સટ્ટાધામ પર સ્થાનિક પોલીસે દરોડો પાડી ત્રણ ઈસમોને પકડી પાડી સ્થળ પરથી ટી.વી., લેપટોપ, મોબાઈલ ફોન તથા અન્ય ઈલેકટ્રીક ઉપકરણો તેમજ રોકડ રકમ મળી કુલ ૪૬,૭૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વિગત એવી છે કે, ઊંઝા શહેરમાં આવેલ શંકરપુરા વિસ્તારના એક રહેણાંક મકાન ભાડેથી રાખીને કેટલાક ઈસમો ક્રિકેટ મેચ આધારિત સટ્ટો લેતા હોવાની મળેલ બાતમીના આધારે સ્થાનિક પોલીસે સાંજના સમયે દરોડો પાડ્યો હતો. જેમાં ભારત અને ઈંગ્લેન્ડ ક્રિકેટમેચ પર ત્રણેય રહે. ઊંઝા ઝડપાઈ ગયા હતા. પોલીસે આ સ્થળેથી રંગીન ટી.વી., લેપટોપ, ૧૧ મોબાઈલ અન્ય ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ૯૨૦૦ની રોકડ રકમ મળી કુલ ૪૬,૭૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઊંઝા શહેરમાં છેલ્લા ઘણા વખતથી ક્રિકેટ મેચ આધારિત ધૂમ સટ્ટો રમાઈ રહ્યો છે. પોલીસતંત્ર દ્વારા અવારનવાર દરોડો પડાય છે પરંતુ આ બદી બંધ થતી નથી.

# બનાસકાંઠામાં કોંગ્રેસે વિજય પતાકા લહેરાવ્યો પણ

## પાલનપુરનો યુથ કોંગ્રેસનો કાર્યકર કોંગ્રેસના કાર્યક્રમમાં દાઝેલો જે સારવારના નાણાં માટે ૪૫ દિવસથી રાહ જોઈ રહ્યો છે

પાલનપુર, તા.૨૪

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતેના ગુરૂનાનક ચોકમાં ભગવાન રામની વિરુધ્ધમાં ટીપ્પણી કરનારા ભાજપાના સાંસદ અને વિદ્વાન વકીલ રામ જેઠમલાણીના યુથ કોંગ્રેસ દ્વારા આયોજીત પૂતળા દહનના કાર્યક્રમમાં યુથ કોંગ્રેસના પ્રવકતા સરરાયજી સિંધીનો જમણો હાથ ગંભીર રીતે દાઝી જવા પામ્યો હતો જેને ખાનગી હોસ્પિટલમાં સારવાર પણ અપાઈ હતી જે ત્રણ દિવસનો ટ્રીટમેન્ટનો ખર્ચ બ.કાં.ના સાંસદ મુકેશ ગઢવીએ આપેલો હતો અને અમદાવાદ સારવાર કરાવવાનું પણ જણાવેલ પણ ખાનગી મેડીકલનું ૨૫ હજારનું બીલ ચુકવાયું ન હતું. અવારનવાર કોંગ્રેસના આગેવાનોને જાણ પણ કરેલ છતાં બીલ ન ભરાતાં પરિવારજનોએ બીલ ભરપાઈ કર્યું હતું. પાર્ટીના સાચા સેવક તરીકે કોંગ્રેસના કાર્યક્રમમાં તેની ફરજ દરમિયાન તેની રોજી-રોટી કમાવવાનો જમણો હાથ ગંભીર દાઝી જતાં આ કાર્યક્રમ છેલ્લા દોઢ માસથી પથારીવશ બન્યો છે. જયારે બ.કાં.ના પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બહાદુરસિંહ બે ત્રણ વખત આવીને ખબર અંતર પુછી ગયા છે. બ.કાં.ના જિલ્લા પ્રમુખ ઝાકીર ચૌહાણ રાયમલજી સોલંકી અને બ.કાં.ના સાંસદ મુકેશ ગઢવી બીજીવાર આવીને પાંચ હજારની સહાય આપી ગયા પણ સારવારનો ખર્ચ અને મેડીકલના બીલની વાત કોઈ કરતું નથી જયારે બ.કાં.માં કોંગ્રેસનો શાનદાર વિજય થયો છે. ઘાયલ થયેલ કાર્યકર આજે પણ દુખી છે. ચુંટણીમાં લાખો રૂપિયાનો ખર્ચો થવા પામ્યો પણ કોંગ્રેસના આ કાર્યકરને તેની સારવાર માટે નાણાં આપવાનો સમય કોંગ્રેસને નથી મળ્યો. કોંગ્રેસના અગ્રણીઓ અને વિજેતા ઉમેદવાર તેમજ યુથના આગેવાનો આ દાઝેલા કાર્યકરની વ્હારે આવે તેવી કોંગ્રેસના યુવા કાર્યકરોની માંગ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮